**જાહેર રજા અને તહેવારની રજાના દિવસે ફરજ બજાવવા બદલ રજા પગાર આપવા બાબત.**

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
**ઠરાવ ક્રમાંકઃસગદ/૧૦૨૦૧૩/૧૭૪૬/ફ**
સચિવાલ, ગાંધીનગર
તારીખઃ-૫/૧/૨૦૧૬.

**વંચાણે લીધાઃ-**

૧. ડાયરેકટર જનરલ, હોમગાર્ડઝ, ગુજરાત રાજય, અમદાવાદના તા.૧૦/૧૦/૨૦૧૩ ના પત્ર ક્રમાંકઃકજ/સપા/મકમ/૭૨૦/૫૩૦૮/૨૦૧૩.

૨. ડાયરેકટર જનરલ, હોમગાર્ડઝ, ગુજરાત રાજય, અમદાવાદના તા.૮/૫/૨૦૧૪ ના પત્ર ક્રમાંકઃકજ/સપા/મકમ/૭૨૦/૨૮૨૩/૨૦૧૪.

**ઠરાવઃ-**

બોર્ડરવીંગ હોમગાર્ડઝની હાલ કાર્યરત બટાલીયન નં-૧ પાલનપુર તથા બટાલીયન નં-૨ ભુજ-કચ્છના મહેકમ પરના વર્ગ-૩ ના હવાલદાર કલાર્ક, હવાલદાર કવાર્ટર માસ્ટર, હવાલદાર સ્ટોરમેન, હવાલદાર એકાઉન્ટન્ટ, હવાલદાર મિકેનીક, હવાલદાર આર્મરર, નાયક કલાર્ક, નાયક મિકેનીક, નાયક આર્મરર, પગારદાર ગાર્ડઝમેન, ડ્રાઇવર, ડીસ્પેચ રાઇડર તથા વર્ગ-૪ ના ચોકીદાર તેમજ સફાઇ કામદાર જેવા પગારદાર કર્મચારીઓને જાહેરરજા અને તહેવારની રજાના દિવસે ફરજ બજાવવા બદલ રજાપગાર ચુકવવાની બાબત વિચારણા હેઠળ હતી.

બોર્ડરવીંગ હોમગાર્ડઝની હાલ કાર્યરત બે બટાલીયનોની જુદી જુદી કંપનીઓ રાજયમાં જુદા જુદા વ્યુહાત્મક સ્થળો તેમજ લોકસભા, વિધાનસભાની ચુંટણીઓ અંગેની કાયદો અને વ્યવસ્થાની ફરજો બજાવે છે. આ કંપનીઓ સાથે સંકળાયેલ ઉપર મુજબના વર્ગ-૩ તથા વર્ગ-૪ ના કર્મચારીઓએ જે તે કંપની સાથે જુદા જુદા સ્થળોએ પોતાના મુખ્ય મથકની બહાર સતત ફરજો બજાવવાની થતી હોઇ, તેઓ દ્વારા રજાના તથા જાહેરરજાના દિવસો દરમ્યાન બજાવેલ ફરજો અંગે તે દિવસનો પગાર રજા પગાર તરીકે મંજુર કરવાની બાબતને આથી મંજુરી આપવામાં આવે છે.

આ ઠરાવનો અમલ ઠરાવની તારીખથી કરવાનો રહેશે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઇલ પરની નાણાં વિભાગની તા.૧૪/૧૨/૨૦૧૫ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(વિજય બધેકા)**
ઉપ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

- ડાયરેકટર જનરલશ્રી, સિવીલ ડીફેન્સ અને હોમગાર્ડઝ, ગુજરાત રાજય, શાહીબાગ, અમદાવાદ.
- બટાલીયન કમાન્ડન્ટશ્રી, બોર્ડવીંગ હોમગાર્ડઝ, બટાલીયન નં-૧ પાલનપુર/બટાલીયન નં-૨ ભુજ-કચ્છ.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, પાલનપુર-બનાસકાંઠા/ભુજ-કચ્છ.
- સિલેકટ ફાઇલ.

**જાહેર રજા અને તહેવારની રજાના દિવસે ફરજ બજાવવા બદલ રજા પગાર આપવા બાબત.**

ગુજરાત સરકાર

ગૃહ વિભાગ

**સુધારા ઠરાવ ક્રમાંકઃસગદ/૧૦૨૦૧૩/૧૭૪૬/ફ**

સચિવાલ, ગાંધીનગર

તારીખઃ-૨૬/૪/૨૦૧૬.

**વંચાણે લીધાઃ-**

૧. ગૃહવિભાગના તા.૫/૧/૨૦૧૬ નો સરખા ક્રમાંકનો ઠરાવ.

૨. ડાયરેકટર જનરલ, હોમગાર્ડઝ, ગુજરાત રાજ્ય, અમદાવાદના તા.૨૫/૧/૨૦૧૬ ના પત્ર ક્રમાંકઃકજ/સપા/મકમ/૭૨૦(૨)/૩૧૬/૨૦૧૬.

**સુધારા ઠરાવઃ-**

ગૃહવિભાગના ઉકત ક્રમાંક(૧) ના ઠરાવથી બોર્ડરવીંગ હોમગાર્ડઝના વર્ગ-૩ તથા વર્ગ-૪ ના કર્મચારીઓને જાહેર રજા તથા તહેવારની રજાના દિવસે ફરજ બજાવવા બદલ રજા પગાર આપવા અંગે ઠરાવવામાં આવેલ. જેમાં જરૂરી સુધારો કરવા અંગેની ઉકત ક્રમાંક(૨) મુજબની દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

કાળજીપૂર્વકની વિચારણાના અંતે તા.૫/૧/૨૦૧૬ ના ઠરાવના ફકરા-૨ ની ચોથી લીટીમાં ''મુખ્ય મથકની બહાર'' શબ્દો બાદ ''તથા મુખ્ય મથક પર'' એમ વાંચવું.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(વિજય બધેકા)**
ઉપ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

- ડાયરેકટર જનરલશ્રી, સિવીલ ડીફેન્સ અને હોમગાર્ડઝ, ગુજરાત રાજ્ય, શાહીબાગ, અમદાવાદ.
- બટાલીયન કમાન્ડન્ટશ્રી, બોર્ડવીંગ હોમગાર્ડઝ, બટાલીયન નં-૧ પાલનપુર/બટાલીયન નં-૨ ભુજ-કચ્છ.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, પાલનપુર-બનાસકાંઠા/ભુજ-કચ્છ.
- સિલેકટ ફાઇલ.